અરવલ્લીમાં હવે માસુમ બાળકોમાં પણ ફેલાયું કોરોના સંક્રમણ

બે બાળકો કોરોનાગ્રસ્ત : વધુ ૬ કેસ સાથે બે લોકોને કોરોના ભરખી ગયો

મોડાસા, તા. ૪

અરવલ્લી જીલ્લામાં કોરોના સંક્રમણ રોકેટગતિએ વધી રહ્યું છે શિયાળાની શરૂઆતમાં કોરોનાએ જમાવટ કરી હોય તેમ દિનપ્રતિદિન કોરોના સંક્રમણ ફેલાઈ રહ્યું છે, જીલ્લામાં અત્યારસુધી કોરોનાં સંક્રમણથી દૂર રહેલા બાળકોમાં પણ કોરોનાનું સંક્રમણ જોવા મળતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. ભિલોડા તાલુકાના માંકરોડા ગામના બે બાળકો કોરોનામાં સપડાતા યુવાનો પછી બાળકોમાં કોરોના પ્રસરતા લોકોમાં ફફડાટ ફેલાયો છે, શુક્રવારે વધુ ૬ કોરોના સંક્રમીત દર્દીઓ નોંધાતા જીલ્લાના સરકારી ચોપડે ૭૨૧ પર પહોંચ્યો છે બે લોકોને કોરોના ભરખી જતા કોરોનાગ્રસ્ત દર્દીઓના પરિવારજનોમાં ભારે ફફડાટ જોવા મળી રહ્યો છે. સરકારી ચોપડે છેલ્લા બે મહિનાથી કોરોના સંક્રમીત દર્દીઓનો મૃત્યુ આંક સ્થીર થઈ જતા લોકોમાં આરોગ્યતંત્રની કામગીરી સામે અનેક સવાલ પેદા થયા છે. અરવલ્લી જીલ્લાના મોડાસા અને ભિલોડા તાલુકામાં સંક્રમણ સતત વધી રહ્યું છે ભિલોડા તાલુકામાં છેલ્લા અઠવાડીયાથી વધતા જતાં સંક્રમણને લઈ તાલુકામાં કુલ પોઝીટીવ દર્દીઓનો આંક ૬૧ કેસે પહોંચ્યો છે. ભિલોડા તાલુકાના માંકરોડા ગામમાં ૬ અને ૮ વર્ષીય બાળકીઓ કોરોના પોઝેટીવ હોવાનું બહાર આવતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. જીલ્લામાં યુવાનો બાદ હવે બાળકો પણ કોરોનાગ્રસ્ત થઈ રહ્યા હોવા છતાં લોકો કોરોના અંગે ગંભીર નથી લાગી રહ્યા. માંકરોડા ગામની એક ૬૪ વર્ષીય અને ભિલોડા નગરની ૬૫ વર્ષીય મહિલા, મોડાસા પાવન સીટી ફ્લેટમાં રહેતી ૩૮ વર્ષીય મહિલા અને વિદ્યાકુંજ સોસાયટીમાં રહેતા ૮૦ વર્ષીય વૃદ્ધ કોરોનામાં સપડાતા આરોગ્યતંત્રએ તમામ કોરોનાગ્રસ્ત દર્દીઓને સારવાર અર્થે ખસેડી સર્વેની કામગીરી હાથ ધરી હતી.

મોડાસામાં મીટર કૌભાંડમાં સંડોવાયેલ જુનીયર ઈજનેર સસ્પેન્ડ

જુનિયર એન્જિનિયર એસ.એન. પટેલે ગરીબોના મંજુર થયેલ વીજ મીટર માલેતુજારના ઘરે લગાવી કરી હતી રોકડી

મોડાસા, તા. ૪

બીપીએલ લાભાર્થી, અનુસૂચિત જાતિ જન જાતિના જરૂરતમંદ પરીવારોને નિઃશુલ્ક

સાચા લાભાર્થીઓનો હક ઝૂંટવી મોડાસા ટાઉન સબ ડિવિઝનમાં ફરજ બજાવતા જુનિયર ઈજનેર એસ.એન. પટેલે કેટલાક વીજ મીટર આપવાનું અને આવા મીટરોના વીજ બીલોમાં પણ સરકાર દ્વારા રાહત આપવાની ઝુંપડપટ્ટી વીજકરણ યોજના અમલમાં મૂકાઈ છે. પરંતુ આવા મળતીયાઓ સાથે મળી ગરીબોના ૮૦૦થી વધુ વીજ મીટર પૈસાદાર લોકોના બંગ્લોઝમાં લગાવી દઈ લાખ્ખો રૂપિયા રોકડી કરી લેવામાં આવી હોવાની ફરિયાદ થતા વીજ વિભાગની મહેસાણા અને સર્કલ કચેરીના અધિકારીઓ દ્વારા તપાસનો ધમધમાટ હાથ ધરાયો હતો. વિજિલન્સની તપાસ બાદ આખરે જુનિયર એન્જીનીયર એસ.એન. પટેલની સંડોવણી હોવાનું ખુલતા ચીફ એન્જીનીયર પી.બી. પંડ્યાએ તાત્કાલીક અસરથી સસ્પેન્ડ કરી દેતા વીજતંત્રના કેટલાક લાંચીયા અધિકારીઓ અને કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો છે.

ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડના ચીફ ઓફિસર પી.બી. પંડ્યાએ મોડાસા ટાઉન સબ ડિવિઝનમાં ફરજ બજાવતા જુનિયર એન્જીનીયર એસ.એન. પટેલને સરકારી સ્કીમના મીટર લાભાર્થીના ઘરે લાગવાના બદલે અન્ય લોકોના ઘરે લગાવી દેવામાં આવ્યા હોવાથી આર્થિક નુકશાન થતા અને બિલીંગ વિભાગના સિનિયર આસિસ્ટન્ટના લોગ ઈન આઈડીનો દૂર ઉપયોગ કરવા માટે સસ્પેન્ડ કરી મહેસાણા હેડ ઓફિસ પર તાત્કાલીક હાજર થવા ફરમાન કર્યું છે.

એક નજર કૌભાંડ પર

ઝુંપડપટ્ટી વીજકરણ યોજનામાં લાભાર્થીનો નગરપાલિકા કે ગ્રામ પંચાયતના દાખલાના આધારે નિઃશુલ્ક વીજ મીટર આપવામાં આવે છે. અને આવા મીટરના બીલમાં યોજના હેઠળ લાભ પૂરો પડાય છે. પરંતુ મોડાસા નગર અને તેની આસપાસના વિસ્તારોમાં બહારથી આવેલ એક ઈજનેરના છત્રછાયા નીચે ગેંણા અને મનસુરી તરીકે ઓળખાતા બે દલાલો દ્વારા આવા સંખ્યાબંધ મીટરો રૂ.૬ હજારમાં વેચી બંગલાઓમાં લગાવી દેવામાં આવ્યા હોવાની લેખીત ફરીયાદ વીજ વિભાગની ઉચ્ચ કચેરી મહેસાણા ખાતે કરાઈ હતી. આ અરજી કરનાર અરજદારે ઉચ્ચ અધિકારીઓને સચોટ અને પુરાવા સહિતની માહિતી પૂરી પાડતાં છેલ્લા એક અઠવાડીયામાં બે વાર વીજીલનસ તપાસ હાથ ધરાઈ હતી.

શહેરા તાલુકાના પ્રવૃત્તિમય શિક્ષણને વધુ અસરકારક બનાવવા

હાંસાપુર અને સદનપુર પ્રાથમિક શાળાઓમાં પ્રજ્ઞા રિફ્રેશમેન્ટ વર્કશોપ યોજાયો

બાયડ

હાંસાપુર અને સદનપુર પ્રાથમિક શાળાઓ ખાતે શહેરા

કુમાર અને પાલીખંડા કલસ્ટરના ધો.૧ અને ૨ ભણાવતા શિક્ષકશ્રીઓ પ્રજ્ઞા રિફ્રેશમેન્ટ વર્કશોપમાં બી.આર.સી. કો.ઓર્ડીનેટર શહેરા ડૉ. કલ્પેશ આર.પરમાર ઉપસ્થિત રહી પ્રજ્ઞા અભિગમ, પ્રજ્ઞા અભિગમમાં થયેલા ફેરફાર, સાહિત્ય પરિચય : સામગ્રી અને ગોઠવણ, ગુજરાતી અને ગણિત વિષય વિશેની સમજ, મારો દિવસ, એકમ પરિચય, રમે તેની રમત, સપ્તરંગી પ્રવૃત્તિઓ અને સમુહકાર્ય ૧ અને ૨ તથા તમામ એકમના કાર્ડની જાણકારી અને સંબંધિત અધ્યયન નિષ્પત્તિઓ સંદર્ભે શિક્ષકો સાથે તંદુરસ્ત ચર્ચા કરી વધુ પ્રવૃત્તિના માધ્યમિક શિક્ષણ આપવા માટે તૈયારી બતાવી હતી. કોવિડ -૧૯ ની અદ્યતન ગાઈડલાઈન મુજબ પ્રજ્ઞા રિફ્રેશ મેન્ટ વર્કશોપ યોજવામાં આવ્યો હતો.

શાળા પરીવારનું સેનિટેશન સાથે સુંદર આયોજન, સંયોજક સી.આર.સી.કુમાર શહેરા જયેશભાઈ પરમાર અને બી.એ.બારીઆ ખટકપુર શ્રવણભાઈ લબાના અને તજજ્ઞ બી.આર.પી. નરેન્દ્રભાઈ બારીઆની ઉત્કૃષ્ઠ કામગીરીને બી.આર.સી. શહેરાએ બિરદાવી હતી. સદનપુર પ્રાથમિક શાળામાં ચાલતા શેરી ફળીયામાં નિશુલ્ક સેવા આપતા ગામના શિક્ષિત યુવાન દિનેશભાઈ પરમારની કોરોના વૉરિયસ તરીકેની કામગીરીની પ્રશંસા કરી હતી. તમામ શિક્ષકોએ આગામી દિવસોમાં હોમ લર્નિંગ અંતર્ગત કોવિડ - ૧૯ ની ગાઈડલાઈન મુજબ ધોરણ ૧ અને ૨ ના પ્રત્યેક બાળકોને પ્રજ્ઞા અભિગમ મુજબ શિક્ષણ આપશે તેવી પ્રતિક્રિયા દર્શાવી હતી.

પોલીસતંત્રે હાશકારો અનુભવ્યો... કોરોના સંક્રમણનો ભય ઘટ્યો

મોડાસા, તા. ૪

ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના પોકળ દાવાઓ થઈ રહ્યા છે શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં દેશી-વિદેશી દારૂની રેલમછેલ થવાની સાથે સવાર-સાંજ દારૂના અડ્ડાઓ પર નશેડીઓની જમાવટ જોવા મળતી હોય છે અને દારૂના નશામાં બેફામ બનતા હોય છે. વર્ષોથી પોલીસને જો કોઈ દારૂ પીધેલાને પકડવા હોય તો પ્રાથમિકરીતે તેનું મો સુંઘવાની પદ્ધતિ ચાલી આવે છે, જેથી તે નશો કરેલ હાલતમાં છે કે તેનું પ્રાથમિક અંદાજ આવી શકે છે, હા કેટલાક જિલ્લાઓમાં પોલીસ પાસે બ્રીથ એનેલાઈસર મશીનો પણ છે જેનાથી પોલીસ સામેવાળાને ફૂંક મારાવાનું કહે છે અને નશો કરેલ છે કે કેમ તે જાણે છે, પણ કોરોના કાળમાં મો સુંઘવું કે પછી બ્રીથ એનેલાઈઝર મશીનનો ઉપયોગ જોખમી પુરવાર થઈ શકે છે માટે આ બાબતને ધ્યાને લઈને રાજ્ય પોલીસ વડા દ્વારા પોલીસને આ કામગીરી હાલ નહીં કરવા જણાવ્યું છે.

કોઈ પણ વ્યક્તીએ દારૂ પીધેલો છે કે નહી તે ચકાસવા મોઢું નહીં સૂંઘે પોલીસ

જે કચેરી આદેશ જારી કરાયો છે તેમાં કહેવાયુ છે કે નશાબંધી અધિનિયમ હેઠળ દારૂ અને કેફી પીણાનો નશો કરેલા વ્યક્તિઓ વિરૂધ્ધ કાર્યવાહી કરતી વેળાએ તેના શરીરની સ્થિતિનું પંચનામું કરવાનું હોય છે. એ વખતે વ્યક્તિના મોંઢામાંથી દારૂ કે કેફી પીણાની વાસ આવે છે કે કેમ? તે તપાસવા મોંઢુ સૂંઘવામાં આવે છે, આંખ લાલ છે કે કેમ? શરીરનું સંતુલન જળવાય છે કે કેમ? જીભ લથડિયા ખાય છે કે કેમ? તેવી બાબતોની ચકાસણી કરવાની હોય છે. પરંતુ, આવી વ્યક્તિઓ કોવિડ-૧૯ના વાઈરસથી ચેપગ્રસ્ત હોઈ શકે છે અને એથી મોંઢુ સૂંઘવાથી તપાસ કરનારને પણ ચેપ લાગી શકે છે. આથી, જ્યાં સુધી બીજો કોઈ આદેશ ન થાય ત્યાં સુધી શરીરની સ્થિતિના પંચનામા માટે મોંઢું સૂંઘવાનું બંધ કરવાનું રહેશે.

ડીસાના વિશ્વકર્મા નગરમાં ગટર ઉભરાતા રહીશોમાં રોષ

ડીસા, તા. ૪

બનાસકાંઠા જિલ્લાનું વેપારી મથક ડીસા કોરોના હોટસ્પોટ જાહેર થયું છે તેમછતાં નગરપાલિકા તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં ઘોરતું હોય તેમ શહેરના વોર્ડ નં. ૧૦ના રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ વિશ્વકર્મા નગરમાં પાલિકા દ્વારા અણઘડ રીતે બનાવેલ ભૂગર્ભ ગટરલાઈન અવારનવાર ભરાઈ જાય છે. જેથી ગટરનું ગંદુ પાણી જાહેર માર્ગ તેમજ લોકોના ઘર આગળ ભરાઈને પડ્યું રહે છે.

જેના કારણે પારાવાર ગંદકી ફેલાય છે. જેથી રોગચાળો ફાટી નીકળવાની પૂરેપૂરી શકયતા છે. જેને લઈ રહીશોમાં રોષની લાગણી છવાઈ છે. આ બાબતે પાલિકા અને આરોગ્ય તંત્ર સત્વરે ઘટતાં પગલાં ભરે તેવો જનમત પ્રવર્તે છે.

દાંતા પથકમાં ગેરકાયદેસર ધમધમી રહ્યા છે ઈંટવાડા

વશી, દિવડી, ધરેડા, કણબીયા વાસ તેમજ દાંતા તાલુકાના બીજા અન્ય ગામોમાં ખુલ્લેઆમ ગેરકાયદેસર ઈંટવાડા ધમધમી રહ્યા છે

દાંતા, તા. ૪

દાંતામાં જાગૃત યુવાનોએ પ્રદુષણ બચાવો ઈટવાડા હટાવો ના નારા સાથે આવેદનો આપ્યા

હતા તેમજ અનશન પર પણ બેઠા હતાં છતાંય તંત્ર દ્વારા આજદિન સુધી મગનું નામ મરી પાડવામાં આવેલ નથી. દાંતા તાલુકાના ગામડાઓમાં વગર મજુરીએ ગેરકાયદેસર ઈટવાડા ધમધમી રહ્યા છે અને સરકારને ખુલ્લી ચેલેન્જ આપી રહ્યા હોય તેમ દાંતા તાલુકામાં એક પણ ઈંટવાડાના માલીકો કોઈપણ પ્રકારની મજુરી વગર વર્ષોથી ઈટવાડા ઉત્પન્ન કરીને સરકારની તિજોરીની કરોડોની રોયલ્ટી ચોરી કરી રહ્યા છે તેમજ જગલમાંથી લીલા લાકડાની ચોરી તેમજ સરકારી જમીનમાંથી હજારો ઘનફુટ માટીની ચોરી કરી ખુલ્લેઆમ સરકારને ચેલેન્જ આપી રહ્યા છે. છતાંય અધિકારીઓને આંખેથી કાળા ચશ્મા ઉતરતા નથી અને મગનું નામ મરી પાડવા વહીવટીતંત્ર તૈયાર નથી તો વહીવટીતંત્રનું ભેદી મૌનનું રહસ્ય કયું છે. તે પણ એક ચર્ચાનો વિષય બનેલ છે. તેમજ આ પંથકમાં ઈટો પકવા માટે ઈટવાડામાં ઝેરી કેમિકલ્સનો પણ ઊપયોગ કરાવવામાં આવી રહ્યો છે. જેનાથી ટ્રાયબ્રલ વિસ્તારમાં જંગલમાં વસવાટ કરતા પ્રાણીઓ માટે ખતરાની ઘંટીરૂપ સાબિત થઈ રહ્યુ છે.

આ ઝેરી કેમિકલ્સની અસર ગામમાં રહેતાં માનવ વસ્તી સુધી પહોંચે અને લોકો પણ ભયંકર બીમારીમાં સપડાય એ પહેલા આ ગેરકાયદેસર ઈટવાડા બંધ કરાવા જરૂરી છે. આ કેમિકલ્સ એટલે હદે માનવજાત માટે ખતરનાક હોય છે કે કેન્સર જેવા જીવલેણ રોગો પણ ઉત્પન્ન થઈ શકે છે. આ બાબતે દાંતાના જાગૃત નાગરીકો દાંતા તાલુકા સ્વાગત કાર્યક્રમમાં અરજી કરવામાં આવી હતી પરંતુ આ તાલુકા સ્વાગત કાર્યક્રમ માત્ર કાગળ પર જ નોંધાતો હોય તેમ આજદિન સુધી કોઈ નિર્ણય તંત્ર દ્વારા લેવામાં આવતો નથી જેથી યુવાનો દ્વારા તા. ૧૩-૬-૨૦૧૮ના રોજ પ્રતિક ઉપવાસ પણ બેઠેલા હતાં છતાં એ તંત્ર દ્વવારા ઉપવાસ પર બેઠેલા યુવાનોને પોલીસનો ડર બતાવીને પોલીસને બોલાવીને આશ્વાસન આપી તાત્કાલિક ધોરણે આ ઈટવાડા બધ કરવાનું આશ્વાસન આપીને અનશન પર બેસવાની પરમીશન પણ આપવામાં આવી નહોતી. આ બાબતે યુવાનો દ્વારા વહીવટીતંત્રને પુછપરછ કરાતા યુવાનોને માત્ર ધક્કા ખાવાના વારા આવી રહ્યા છે. મામલતદાર કહે તાલુકા વિકાસ અધિકારની જવાબદારી છે અને તાલુકા વિકાસ અધિકારી કહે છે કે આ સત્તા અમારી નથી સરકારનો પરિપત્ર મુજબ મામલતદારીની વાબદારીઓ આવે છે. આમ દાંતા તાલુકા વિકાસ અધિકારી અને મામલતદાર વચ્ચે આ ઈટમાફીયાઓ સરકારી તિજોરીને ચુનો લગાડી રહ્યા છે.

સાબરકાંઠા જિલ્લામાં કોરોના પોઝીટીવના વધુ ૧૭ કેસ નોંધાયા

કુલ આંકડો ૧૬૦૬ થઈ ગયો, ૧૪૨૫ દર્દીઓ સાજા થયાનો દાવો

હિંમતનગર, તા. ૪

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોના પોઝીટીવના વધુ ૧૭ કેસ નોંધાયા છે જેથી કુલ આંકડો ૧૬૦૬ પર પહોંચી ગયો છે. જોકે આરોગ્ય વિભાગના દાવા મુજબ અત્યાર સુધીમાં ૧૪૨૫ દર્દીઓ સાજા થયા છે. અને હાલ જિલ્લામાં એક્ટીવ કેસની સંખ્યા ૧૬૯ છે.

આરોગ્ય વિભાગના જણાવાયા મુજબ શુક્રવારે જે નવા ૧૭ કેસ નોંધાયા છે તેમાં હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલા જીએમઈઆરએ હોસ્ટેલમાં રહેતા ૩૫ વર્ષિય મહિલા, રંગવાન સોસાયટીમાં ૭૯ વર્ષિય પુરૂષ, જય યોગેશ્વર સોસાયટીમાં ૪૭ વર્ષીય પુરૂષ, શ્રીનગર સોસાયટીમાં ૫૭ વર્ષિય મહિલા જ્યારે પરબડામાં ૫૬ વર્ષિય પુરૂષ કોરોના પોઝીટીવનો ભોગ બન્યા છે.

તેની સાથે જ ઈડરમાં આવેલ શુભ સોસાયટીમાં ૨૨ વર્ષિય પુરૂષ, ૪૬ વર્ષિય મહિલા, સિદ્ધાર્થનગરમાં ૭૮ વર્ષિય પુરૂષ, કલરવ સોસાયટીમાં ૩૨ વર્ષિય પુરૂષ, ધનેશ્વર સોસાયટીમાં ૪૨ વર્ષિય પુરૂષ એમ ઈડર તાલુકાના પાંચ લોકોને કોરોના થયો છે. વડાલીના વડગામડા ગામના ૫૪ વર્ષિય પુરૂષ અને ટોકરાવસાહતમાં ૩૫ વર્ષિય પુરૂષ કોરોનાની ઝપેટે ચડી ગયા છે. તેજ પ્રમાણે ખેડબ્રહ્માના ભાટવાસમાં પણ ૬૦ વર્ષિય મહિલા કોરોનામાં સપડાયા છે.

આ ઉપરાંત વિજયનગર તાલુકાના પરવઠ ગામમાં રહેતા ૫૫ વર્ષિય મહિલા, પ્રાંતિજમાં ૩૯ વર્ષિય પુરૂષ અને તાલુકાના રાસલોડ ગામમાં ૯૧ વર્ષિય પુરૂષ તથા તલોદ તાલુકાના વક્તાપુર ગામમાં રહેતા ૫૯ વર્ષિય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ઉલ્લેખનીય છે કે જિલ્લામાં દિવાળીના તહેવારો બાદ કોરોના પોઝીટીવ કેસની સંખ્યામાં થઈ રહેલા વધારા અંગે શુક્રવારે જિલ્લા કલેક્ટરે બોલાવેલી બેઠકમાં વિશદ ચર્ચા કરીને અધિકારીઓને તાકીદ કરી હતી કે કોરોના પરત્વે લોકોમાં ગંભીરતા આવે તે માટે તંત્રના અધિકારીઓએ જાગૃત રહેવુ જોઈએ અને સરકારની ગાઈડલાઈન અંગે વધુ જાગૃતિ લાવવા પ્રયાસ કરવા અનુરોધ યો હતો.

બાળકો ઓનલાઈન શિક્ષણથી વંચિત ન રહે તે માટે વિસનગર પ્રાથમિક શિક્ષણની ટીમનો નવતર પ્રયોગ

મહેસાણા, તા. ૪

કોરોનાની આ વૈશ્વિક મહામારીમાં માનવી એક બીજાને ઉપયોગી થઈ રહ્યા છે. સમાજ જીવનનો મુખ્ય આધાર છેવાડાના માનવીનો વિકાસ છે.કોરોનાએ પણ

નાગરિકોને એક બીજાને મદદ કરવા માટે પ્રેરણા આપી છે. કોરોનાની આ વૈશ્વિક મહામારીમાં શૈક્ષણિક કાર્યબંધ હોવાના કારણે બાળકોને નિરંતર શિક્ષણ મળી રહે તે માટે ઓનલાઈન શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. આ સમયે દરેક બાળકને ઓનલાઈન શિક્ષણ મળે તેવા ઉમદા આશયથી વિસનગર શહેર તેમજ તાલુકામાં જરૂરીયાતમંદ વિસ્તારોમાં ડી.ટી.એચ. અને ટીવી સેટ દાતાઓ દ્વારા અપાઈ રહ્યું છે. વિસનગર તાલુકામાં આ પ્રકારનું સરાહનીય કામ સી.આર.સી. કૉઓડિનેટર વિનોદભાઈ રાવલના પ્રયાસોથી થઈ રહ્યુ છે.

ચલો જલાયે દિપ જહાં અભિ ભી અંધેરા હે... વિસનગર તાલુકાના સી.આ.સી. કોર્ડિનેટર દ્વારા જિલ્લા વિકાસ અધિકારી એમ.વાય. દક્ષિણી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ. ગૌરાંગ વ્યાસ, નાયબ પ્રાથમિક શિક્ષણાધિકારી પુલકીત જોષી, બી.આર.સી. કૉઓડિનેટર મહેન્દ્રસિંહ ઝાલા સહિત વિસનગર તાલુકા પ્રાથમિક શિક્ષણના કર્મયોગીઓની પ્રેરણા અને માર્ગદર્શનથી વિસનગર તાલુકામાં ઉમદા કામ કરાઈ રહ્યું છે. વિસનગર તાલુકામાં સી.આર.સી. કૉઓડિનેટ વિનોદભાઈ અને તેમની ટીમ દ્વારા ૨૪ સ્થળોએ ટીવી અને ડી.ટી.એચનો સેટ લગાવેલ છે. આજે આ ૨૪ સ્થળોએ બાળકો નિરંતર ઓનલાઈન શિક્ષણ મેળવતા થયા છે.

સાબરકાંઠા જિલ્લા સમાહર્તાના

અધ્યક્ષસ્થાને કોવિડ-૧૯ અવરનેશ કમિટિની બેઠક યોજાઈ

સાબરકાંઠા જિલ્લા સમાહર્તા શ્રી સી.જે. પટેલના અધ્યક્ષસ્થાને કોવિડ-૧૯ અવરનેશ કમિટિની બેઠક કલેક્ટર કચેરીના સભાખંડમાં યોજાઈ હતી. આ બેઠકમાં કોવિડ-૧૯ વૈશ્વિક મહામારીને નાથવા અને નાગરીકોમાં આ અંગે વધુ જાગૃતી લાવવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

સાબરકાંઠા જિલ્લામાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાના કેસ વધી રહ્યા છે. આ સંજોગોમાં વહિવટી તંત્ર, પોલીસ તંત્ર અને આરોગ્ય તંત્ર દ્વારા નાગરીકોમાં કોરોના પરત્વે ગંભિરતા લાવવા કામગિરી કરવામાં આવી રહી છે. હાલમાં નાગરીકો કોરોનાને લઈને જાગૃત હોવા છતાં કોરોના ગાઈડલાઈનનુ પાલન કરવામાં ઉના ઉતરી રહ્યા છે. લોકો કોરોના પરત્વે ગંભિરતા દાખવે તે માટે લોક જાગૃતિના માધ્યમો જેવા કે પોસ્ટર,ભિંત ચિત્રો, લાઉડ સ્પિકર ન્યુઝ પેપર અને ન્યુઝચેનલો દ્વારા આ બાબતે વધુ પ્રચાર-પ્રસાર કરવા ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લા સમાહર્તા દ્વારા અમલીકરણ અધિકારીઓને અસરકારક પગલા ભરવા યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટરશ્રી એચ.આર. મોદી, જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. રાજેશ પટેલ, તાલુકા હેલ્થ ઓફિસરો, ડોક્ટરો તેમજ અન્ય અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બનાસડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીના ૫૦મા જન્મ દિને રકતદાન કેમ્પ યોજાયો

પાલનપુર, તા.૪

બનાસડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીના ૫૦મા જન્મ દિનની ઉજવણી વિશિષ્ટ રીતે કરવા કોરોના મહામારીની પરિસ્થિતિમાં લોકોપયોગી પ્રવૃત્તિ થાય તેવી નેમ સાથે બનાસ ડેરીના પાલનપુર વિભાગના યુવા અને ઉત્સાહી બોર્ડ ડિરેક્ટર ભરતભાઈ પટેલે તા. ૩-૧૨-૨૦૨૦ના રોજ રક્તદાન કેમ્પ યોજી ૫૦ બોટલ રક્તદાન થાય તેવુ આયોજન બનાસ મેડીકલ કોલજ, મોરિયા ખાતે કર્યું હતું. કોરોનાની કઠીન પરિસ્થિતિમાં ચેરમેનના જન્મ દિનની ઉજવણી નિમિતે ૬૪ યુવા રક્તદાતાઓએ પોતાનું રક્ત આપી રક્તદાન કરવાનો અનેરો ઉત્સાહ દર્શાવ્યો અને રક્તની જરૂરિયાત ધરાવતા દર્દીઓના જીવ બચાવવાનું અમુલ્ય કાર્ય કરવાનો આનંદ વ્યકત કર્યો હતો. આ યુવાનોએ રક્તદાન મહાદાન કરી સેવા જ પરમ ધર્મ છે તે યુક્તિ સાર્થક કરેલ છે. બનાસ મેડીકલ કોલેજ દ્વારા આ રક્તદાતાના રક્તનો ઉપયોગ થેલેસેમિયા, બ્લડ કેન્સર, ગર્ભવતી મહિલાઓ તેમજ ગાયનેક બીમારીમાં અને ઈમરજન્સી જરૂરિયાતને ધ્યાનમાં રાખી કરવામાં આવશે.

કોરોના મહામારીની પરિસ્થિતિમાં સાવચેતીના તમામ પગલાઓનો ચુસ્ત અમલ કરી સોશિયલ ડિસ્ટન્સ રાખી બનાસ મેડિકલ કોલેજ દ્વારા રક્તદાન કેમ્પનું સફળ આયોજન કર્યું હતું.

આ અનોખા રક્તદાન કેમ્પમાં રકતદાતાઓને પ્રોત્સાહન આપવા પાલનપુર તાલુકા સંઘના ચેરમેન દિનેશભાઈ કુણીયા, એપીએમસી પાલનપુરના ચેરમેન ફતાભાઈ ધારિયા બનાસ બેંકના ડિરેક્ટર લાલજીભાઈ કે કરેણ અને જસુભાઈ કુણીયા તથા એપીએમસી પાલનપુરના ડીરેક્ટર ભગવાનભાઈ કુગસીયા તેમજ સામાજિક અગ્રણી ડૉ. હિતેશભાઈ ચૌધરી અને ગીરીશભાઈ જગણિયા વગેરે ઉપસ્થિત રહી રક્તદાન કરેલ હતું. સામાજિક આગેવાનો અને કાર્યકર્તાઓ કોરોના મહામારી સમયે બનાસ મેડીકલ કોલેજન અને લોકોને વિષમ દેશ કાળના સમયમાં સાથ આપી લોકસેવાના ઉત્તમ કામ કરી રહ્યા છે.